Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સૂર્ય અસ્ત પછી દિવસને, કમળોને અગ્નિમાંથી
વિવાદથી સાધુતા ઇચ્છે, સુધા સર્પના મુખમાંથી
અજીર્ણથી આરોગ્ય અધિક ને ઝેર થકી જીવીત આ
ધર્મ માનીને પ્રાણી હિંસા કરે મૂર્ખ જે જગ માંહે

પુસ્તક ૯૩ મું અંક ૯ ૭મી જુલાઇ ૧૯૭૭ વીર ૨૫૦૩ વિક્રમ સંવત ૨૦૩૩

અષાડ

: પ્રગટ :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શ્રી જૈન ધર્મ પ્રકાશ** : વર્ષ ૯૫ મું : વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬-૫૦

## —: अनुक्रमणिक :—


| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | શ્રી સામાન્ય જિનસ્તવન | સ્વ. મા શામજી હેમચંદ દેસાઇ | ૩ |
| ૨. | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૪ |
| ૩. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | શરણાર્થી | ૬ |
| ૪ | રાજ પ્રસાદી | અમર | ૭ |
| ૫. | સતી મૃગાવતી | શ્રી મધુકર મુનિ | ૯ |
| ૬. | આત્મા અને કર્મ | રતિલાલ માણેકચંદ શાહ | ૧૨ |
| ૮. | ઉત્તમ સંપત્તિ ચારિત્ર | ( ડહેલાવાળા ) | ૧૫ |
| ૯. | વિશ્વમાન્ય ધર્મ | શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૬ |



### શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર


હાલમાં અમારી પાસે નીચે મુજબના પુસ્તકો હાજર સ્ટોકમાં મળી શકશે નીચે મુજબના બધા પુસ્તકો ગુજરાતી ભાષામાં છે તે જાણશો.

**પ્રાઇસ લીસ્ટ**

| પુસ્તકના નામ | રૂા. પૈસા | પુસ્તકના નામ | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧. શ્રી લલીત વીસ્તરા | ૨૨-૦૦ | ૮. પાર્શ્વનાથ ચરીત્ર પ્રત આકારે ગુ | ૬-૦૦ |
| ૨. ઉપમિતિ ભવ પ્ર. કથા ભા-૧ | ૧૦-૦૦ | ૯ ઘરની લક્ષ્મી | ૨-૦૦ |
| ૩. ઉપમિતિ ભવ પ્ર.કથા ભા-૩ | ૧૦-૦૦ | ૧૦. શ્રી ઉપદેશ પ્રસાદ ભાષાંતર ભા-૨ ગુજરાતિ | ૮-૦૦ |
| ૪. ત્રીષષ્ટી શલાક પૂ ચરીત્ર પર્વ ૧/૨ | ૭-૦૦ | ૧૧. શારદા પૂજનની વિધી | ૦-૪૦ |
| ૫. ત્રીષષ્ટી શાલકા પૂ ચરીત્ર પર્વ ૭ મું જૈન રામાયણ | ૭-૦૦ | ૧૨. વર્ધમાન દેશના | ૫-૦૦ |
| ૬. સીદ્ધર્ષી | ૧૦-૦૦ | ૧૩. અક્ષય નીધી તપની વિધી | ૦-૬૦ |
| ૭ હીત શિક્ષા રાસનું રહસ્ય | ૩-૦૦ | ૧૪. ૧૦૦૮ તીર્થંકરોની નામાવલી | ૧-૦૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૨ મું
અંક ૫-૬

અષાડ

વીર સં. ૨૫૦૨
વિક્રમ સં. ૨૦૩૨

# સામાન્ય જિન સ્તવન

( રાગ ભારતના ડંકા આલમમેં )

પ્રભુ આપ અવિચળ નામી છો ગુણગામી છો, વિશરામી છો
ને અક્ષય સુખના ધામી છો, અમને અક્ષય સુખ આપોને પ્રભુ ૧

આ ભવ વનમાં ભમતાં ભમતાં, બહુકાળ ગયો રમતાં રમતાં
અંતે આવ્યા તમને નમતા, અમને અક્ષય સુખ આપોને પ્રભુ ૨

આ નાવ અમારૂં ભર દરિયે, તું તારે તો સેજે તરીયે
બીજે કયાં જઇને કરગરીએ, અમને અક્ષય સુખ આપોને પ્રભુ ૩

તુજ મૂર્તિ છે મોહનગારી, ભવ્યોના સંકટ હરનારી
હે! 'શ્યામ' જીવન અમ સુધારી, અમને અક્ષય સુખ આપોને પ્રભુ ૪

રચયીતા : સ્વ. મા. શામજીભાઇ હેમચંદ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) **શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી**

સિંહરથનો પુત્ર બ્રહ્મરથ થયો. તે પછી અનુક્રમે ચતુર્મુખ, હેમરથ, શતરથ, ઉદયપૃથુ, વારિરથ, ઇન્દુરથ, આદિત્યરથ, માંધાતા વીરસેન, પ્રતિમન્યુ, પદ્મબંધુ, રવિમન્યુ, વસંતતિલક, કુબેરદત્ત, કુંથુ, શરભ, દ્વિરદ, સિંહદશન, હિરણ્યકશિપુ, પુંજસ્થળ, કાકુસ્થળ અને રઘુ વિગેરે અનેક રાજાઓ થયા. તેઓમાં કેટલાક મોક્ષે ગયા. પછી શરણાર્થીને શરણ કરવા યોગ્ય અને સ્નેહીઓના ઋણમાંથી મુક્ત કરનાર અનરણ્ય નામે રાજા સાકેતનગર (અયોધ્યા)માં થયો. તેને પૃથ્વીદેવીના ઉદરથી અનંતરથ અને દશરથ નામે બે પુત્રો થયા. તે અનરણ્ય રાજાને સહસ્રકિરણ નામે એક મિત્ર હતો. તેણે રાવણ સાથે યુદ્ધમાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી દીક્ષા લીધી. તેની સાથેની દઢ મિત્રતાથી અનરણ્ય રાજાએ માત્ર એક માસના થયેલા નાના પુત્ર દશરથને રાજ્યલક્ષ્મી સોંપીને અનંતરથ પુત્ર સહિત દીક્ષા લીધી. અનુક્રમે અનરણ્ય રાજર્ષિ મોક્ષે ગયા અને અનંતરથ મુનિ તીવ્ર તપસ્યા કરતા સતા પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા.

દશરથ ક્ષીરકંઠ બાલ્યાવસ્થામાં રાજા થયો પરંતુ વયે અને પરાક્રમે સાથે જ વૃદ્ધિ પામ્યો, તેથી નક્ષત્રમાં ચંદ્ર, ગ્રહોમાં સૂર્ય પર્વતોમાં મેરુની જેમ અનેક રાજાઓની મધ્યમાં શોભવા લાગ્યો. જ્યારે દશરથ રાજા રાજ્યના સ્વામી થયા ત્યારે લોકોને પરાક્રમ વગેરેથી થતાં ઉપદ્રવો આકાશપુષ્પની જેમ અદષ્ટપૂર્વ થઇ ગયા. યાચકોને ઇચ્છા પ્રમાણે દ્રવ્ય અને આભૂષણો વિગેરેનું અનર્ગલ દાન દેવાથી તે રાજા મદ્યાંગ વિગેરે દશ પ્રકારના કલ્પવૃક્ષો ઉપરાંત અગિયારમું કલ્પવૃક્ષ ગણાવા લાગ્યો. પોતાના વંશના ક્રમથી આવેલા સામ્રાજ્યની જેમ અર્હત્ ધર્મને પણ તે સર્વદા અપ્રમત્તપણે ધારણ કરવા લાગ્યો.

દશરથ રાજા યુદ્ધમાં જયશ્રીની જેમ દર્ભસ્થળ ( કુશસ્થળ ) નગરના રાજા સુકોસલની અમૃતપ્રભા નામની રાણીના ઉદરથી ઉત્પન્ન થએલી અપરાજિતા* નામની એક રૂપલાવણ્યવતી પવિત્ર કન્યા પરણ્યા. ત્યાર પછી રોહિણીને ચંદ્ર પરણે તેમ કમલસંકુલનગરના રાજા સુબંધુતિલકની મિત્રાદેવી રાણીના ઉદરથી ઉત્પન્ન થયેલી કૈકયીx નામની કન્યાને પરણ્યા. તે કૈકયીના મિત્રાભુ, સુશીલા અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુમિત્રા એવા બીજા નામ પણ હતા. ત્યાર પછી પૂર્ણ લાવણ્ય અને સૌંદર્યથી જેનું ઉત્તમ અંગ છે એવી સુપ્રભા નામની અનિંદિત રાજપુત્રીને પણ પરણ્યા. વિવેકી જનમાં શિરોમણિરૂપ દશરથ રાજા ધર્મ અર્થને બાધા કર્યા વગર તે ત્રણે રાજકન્યાઓની સાથે વિષયસુખ ભોગવવા લાગ્યા.

એ સમયમાં અર્દ્ધ ભરતક્ષેત્રના રાજ્યને ભોગવનાર રાવણે સભામાં બેઠે સતે કોઈ ઉત્તમ નૈમિત્તિને પૂછ્યું કે–'હે નિમિત્તક ! દેવતા અમર કહેવાય છે, પણ તેઓ નામના જ અમર છે, પરમાર્થે અમર નથી. જે કોઈ સંસારવર્તી પ્રાણી છે તેઓનું મૃત્યુ અવશ્ય થવાનું હોય છે, તો મારું મૃત્યુ સ્વપરિણામથી છે કે બીજાથી છે તે નિશંકપણે કહો; કેમ કે આપ્ત પુરુષો સ્ફુટભાષી જ હોય છે" નિમિત્તિઆએ કહ્યું કે–'હવે પછી થનારી જાનકી (જનકરાજાની પુત્રી)ના કારણને લીધે દશરથ રાજાના હવે પછી થનારા પુત્રથી તમારું મૃત્યુ થશે. 'આ પ્રમાણેના તેનાં વચન સાંભળીને વિભીષણ બોલ્યો કે–" આ નિમિત્તિયાનું વચન જો કે નિરંતર સત્ય જ હોય છે પણ આ વખત તો હું તેને સત્વર અસત્ય કરી દઈશ, કારણ કે તે કન્યાના અને વરના પિતા થનારા જનક તથા દશરથ કે જે બંને આ અનર્થના બીજરૂપ છે તેમને જ હું હણી નાંખીશ એટલે આપણું કલ્યાણ થશે. જ્યારે તેઓને મારી નાખવાથી તેમની પુત્ર–પુત્રીની ઉત્પત્તિ જ બંધ થઇ જશે. ત્યાર પછી આ નિમિત્તઆનું વચન મિથ્યા થશે એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી." આ પ્રમાણે વિભીષણનાં હિંમતનાં વચન સાંભળી 'બહુ સારું' એમ રાવણે કહ્યું એટલે વિભીષણ પોતાને ઘેર આવ્યો.

આ સર્વ વૃત્તાંત ત્યાં સભામાં બેઠેલો નારદે સાંભળ્યું તેથી તરત જ તે દશરથ રાજાની પાસે આવ્યા. રાજા દશરથ તે દેવર્ષિને આવતાં જોઇ દૂરથી જ ઉભા થયા અને નમસ્કાર કરી તેમને ગુરુસમાન ગૌરવતાથી બેસાર્યા. પછી દશરથે પૂછ્યું કે–'તમે કયાંથી આવો છો?' નારદે કહ્યું કે–"શ્રી સીમંધર પ્રભુનો સુર અસુરોએ કરેલો નિષ્ક્રમણોત્સવ જોવા હું પૂર્વવિદેહક્ષેત્રમાં પુંડરીકિણી નગરીને વિષે ગયો હતો અને તે મહોત્સવ જોઇને મેરુ ઉપર ગયો હતો. ત્યાં અનેક તીર્થંકરોને વાંદીને પછી લંકાનગરીમાં ગયો ત્યાં શાંતિગૃહમાં રહેલા શાંતિનાથને નમીને રાવણની રાજસભામાં ગયો. ત્યાં કોઇ નિમિત્તિઆએ રાવણનો વધ જાનકીને નિમિત્તે તમારા પુત્રથી કહ્યો.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

(ગયા અંકથી ચાલુ) લે. શરણાર્થી

જરાસંધની આજ્ઞાથી હંસક ડિંભક વગેરે મંત્રીઓએ અને બીજા રાજાઓએ ચંદ્ર વ્યુહની ગોઠવણ કરતાં સમસ્ત રાત્રી વ્યતીત કરી.

આ તરફ સમુદ્ર વિધ રાજાને પણ ખબર પડતાં તરત જ પોતે પણ યુદ્ધની તૈયારી કરવા માંડી અને એ ચંદ્રવ્યુહને ભેદે તેવું યુભેંદ્ય ગરૂડવ્યૂહ રચ્યું. રણ મેદાને ઊતરી પડવાની બંને સૈન્યોની તૈયારી ચાલી રહી છે.

## પ્રકરણ ૪ થું જરાસંધના પૂર્વજોનો ઇતિહાસ

પરિચય

ચંદીદેશમાં શુક્તિમતી નામની પ્રખ્યાત નગરી આવેલી છે. પડખે શુક્તિમતીનાં શુભજલ કલકલ કરતા નગરીની શોભામાં વધારો કરતાં વહી રહ્યા છે. તે નગરી સારા આચરણવાળા અનેક રાજાઓ થઈ ગયા અનુક્રમે વીશમા તીર્થંકર મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં અભિચંદ્ર નામે જગત પ્રસિદ્ધ રાજા થયો. તેના પછી તેના પુત્ર વસુ ચંદી દેશનો સમ્રાટ થયો મહા બુદ્ધિમાન અને સત્યવકતા તરીકે એક વચનીપણામાં એકકો હતો. તે વસુરાજાને પર્વતનામે બ્રાહ્મણનો એક પુત્ર મિત્ર હતો. તે પોતાના પિતાની પદવી પામીને આચાર્ય બનીને વિદ્યાર્થીઓને ભણાવવાનું કાર્ય કરતો હતો. એક દિવસ તેના પોતાના બુદ્ધિમાન શિષ્યોને તે રૂગ્વેદની વ્યાખ્યા આપતો હતો તે અરસામાં તેમના પૂર્વના સ્વાધ્યાયી નારદ રૂષિ ફરતા ફરતા ત્યાં આવી ચડયા. તેવામાં अजैर्यष्टव्या એશતનો અર્થ "બકરાથી યજ્ઞ કરવો એવો તેણે કર્યો. તરત જ નારદે તેની ભૂલ બાંગી કે" આપણા ગુરૂએ "અજ" શબ્દનો અર્થ ત્રણ વરસનું જુનું ધાન્ય કે જે ફરીવાર ઊગતું નથી તેવો કરેલો છે.

"નહિ! મારા પિતાએ તે અર્થ કર્યો જ નથી. તેમણ તો "અજ" એટલે બકરોજ કરેલ છે અને કોષમાં પણ તેમજ છે" પર્વતે કહ્યું

"અરે ભાઈ! શબ્દોના અર્થની કલ્પના બે પ્રકારની છે મુખ્ય અને ગૌણ! તેમાં ગુરૂ અહીં ગૌણ અર્થ કહ્યો છે. વળી ગુરૂઓ ધર્મનો ઉપદેશ કરનારા હોય છે. ભકવચન તે વેદ કહેવાય છે. માટે અજનો અર્થ બકરો કરીને તું પાપ ઉપાર્જત કર નહી"

"અરે નારદ? તુજ મિથ્યાભિમાની છે કે ગુરૂએ "અજ"નો અર્થ બકરો કહ્યો છે જે છતાં તું જુનું ધાન્ય કહે છે તો. આપણા વચ્ચે જે ખોટો પડે તેની જિભ છેદન કરવી. ચાલ? આપણા સ્વાધ્યાયી સત્યવાદી વસુરાજા પાસે ન્યાય કરાવીએ" આમ પર્વતે નારદને જુઠા પાડવાના હેતુથી પોતાનો જ એકકો સાચો ઠરાવતાં કહ્યું.

 [ક્રમશઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજપ્રસાદી

લે. અમર

૭૭. શરીરને વિષે આત્મભાવના થતી હોય તો થવા દેવી, ક્રમે કરી પ્રાણમાં આત્મભાવના કરવી, પછી ઇન્દ્રિયોમાં આત્મભાવના કરવી, પછી સંકલ્પ વિકલ્પરૂપ પરિણામમાં આત્મભાવના કરવી, પછી સ્થિર જ્ઞાનમાં આત્મ ભાવના કરવી. ત્યાં સર્વ પ્રકારની અન્યાલંબ રહિત સ્થિતિ કરવી. સોહં અનહદ તેનું ધ્યાન કરવું.

૭૮. સમ્યગ્ દર્શન સ્વરૂપ એવાં નીચે લખ્યા શ્રી જિનના ઉપદેશેલા છ પદ આત્માર્થી જીવે અતિશય કરી વિચારવા ઘટે છે.

(૧) આત્મા છે તે અસ્તિપદ કેમ કે પ્રમાણે કરીને તેનું પ્રસિદ્ધપણું છે

(૨) આત્મા નિત્ય છે એ નિત્યપદ આત્માનું જે સ્વરૂપ છે તે કોઈપણ પ્રકારે ઉત્પન્ન થવું સંભવતું નથી, તેમ તેનો વિનાશ સંભવતો નથી

(૩) આત્મા કર્મનો કર્તા છે તે કર્તાપદ.

(૪) આત્મા કર્મનો ભોકતા છે તે ભોકતાપદ.

(૫) તે આત્માની મુકિત થઇ શકે છે તે મોક્ષપદ.

(૬) મોક્ષ થઈ શકે એવા પ્રકાર પ્રસિદ્ધ છે તે મોક્ષ ઉપાય.

૭૯. હે જીવ ! અસારભૂત લાગતા એવા આ વ્યવસાયથી હવે નિવૃત્ત થા નિવૃત્ત ! તે વ્યવસાય કરવાને વિષે ગમે તેટલો બળવાન પ્રારબ્ધોદય દેખાતો હોય તો પણ તેથી નિવૃત્ત થા નિવૃત્ત કામ-માન ઉતાવળ એ ત્રણેનો વિશેષ સંયમ કરવો ઘટે છે હે જીવ ! હવે તું સંગનિવૃત્તિરૂપ કાળની પ્રતિજ્ઞા કર પ્રતિજ્ઞા કર.

૮૦. ત્રણે કાળમાં જે વસ્તુ જાત્યંતર થાય નહીં તેને શ્રી જિન દ્રવ્ય કહે છે. કોઈપણ દ્રવ્ય પર પરિણામે પરિણમે નહિં, સ્વપણાનો ત્યાગ કરી શકે નહિં પ્રત્યેક દ્રવ્ય (દ્રવ્ય-ક્ષેત્ર કાળ-ભાવથી) સ્વપરિણામી છે. નિયત અનાદિ મર્યાદાપણે વર્તે છે. જે ચેતન છે, તે કોઇ દિવસ અચેતન થાય નહીં. જે અચેતન છે, તે કોઇ દિવસ ચેતન થાય નહિં.

૮૧. સર્વ કરતા વીતરાગના વચનને સંપૂર્ણ પ્રતિતિનું સ્થાન કહેવું ઘટે છે, કેમ કે જ્યાં રાગાદિ દોષનો સંપૂર્ણ ક્ષય હોય ત્યાં સંપૂર્ણ જ્ઞાન સ્વભાવ પ્રગટવા યોગ્ય નિયમ ઘટે છે. શ્રી જિનને સર્વ કરતાં ઉત્કૃષ્ટ વીતરાગતા સંભવે છે. પ્રત્યક્ષ તેમના વચનનું પ્રમાણ છે. માટે જે કોઈ પુરૂષને જેટલે અંશે વીતરાગતા સંભવે છે, તેટલા અંશે તે પુરુષનું વાકય માન્યતા યોગ્ય છે.

૮૨. વર્તમાન કાળની પેઠે આ જગત સર્વકાળ છે, પૂર્વકાળે ન હોય તો વર્તમાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળે તેવું હોવું પણ હોય નહીં વર્તમાન કાળે છે તો ભવિષ્યકાળમાં તે અત્યંત વિનાશ પામે નહીં. પદાર્થ માત્ર પરિણામી હોવાથી આ જગત પર્યામાંતર દેખાય છે, પણ મૂળપણે તેનું સદાવર્તમાનપણું છે જે વસ્તુ સમય માત્ર છે સર્વકાળ છે. જે ભાવ છે તે છે. જે નથી તે નથી, એ પ્રકારનો પદાર્થ સ્વભાવ વિભાગ પૂર્વક સ્પષ્ટ દેખાય છે, જડ સ્વભાવ ચેતન સ્વભાવ

૮૩ રાગદ્વેષ અને અજ્ઞાનનો આત્યંતિક અભાવ કરી જે સહજ શુદ્ધ આત્મા સ્વરૂપમાં સ્થિત થયા તે સ્વરૂપ અમારૂ સ્મરણ, ધ્યાન અને પામવા યોગ્ય સ્થાન છે. સર્વજ્ઞ પદનું ધ્યાન કરો શુદ્ધ ચૈતન્ય, અનંત આત્મ દ્રવ્ય, કેવળ જ્ઞાન સ્વરૂપ શકિતરૂપે તે જેને સંપૂર્ણ વ્યકત થયું છે તથા વ્યકત થવાનો જે પુરુષો માર્ગ પામ્યા છે તે પુરુષોને અત્યંત ભકિતથી નમસ્કાર

ह्मो जिणाणं जिद भवाणं

૮૪. અનંત અવકાશ છે તેમાં જડ ચૈતન્યાત્મક વિશ્વ રહ્યું છે. વિશ્વમર્યાદા બે અમૂર્તદ્રવ્યથી છે જેને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એવી સંજ્ઞા છે. જીવ અને પરમાણું પુદ્‌ગળ એ બે દ્રવ્ય સક્રિય છે સર્વ દ્રવ્ય દ્રવ્યત્વે શાશ્વત છે, અનંત જીવ છે, અનંત અનંત પરમાણું પુદ્‌ગળ છે. ધર્માસ્તિકાય એક છે. અધર્માસ્તિકાય એક છે. આકાશાસ્તિકાય એક છે, કાળ દ્રવ્ય છે, વિશ્વ પ્રમાણ ક્ષેત્રાવગાહ કરી શકે એવો એકેક જીવ છે.

૮૫. જીવને બંધનના હેતુ મુખ્ય બે-રાગ અને દ્વેષ રાગને અભાવે દ્વેષનો અભાવ થાય. રાગનું મુખ્યપણું છે રાગને લીધે જ સંયોગમાં આત્મા તન્મય વૃતિમાન છે તેજ કર્મ મુખ્યપણે છે જેમ જેમ રાગદ્વેષ મંદ તેમ તેમ કર્મબંધ મંદ અને જેમ જેમ રાગદ્વેષ તીવ્ર તેમ તેમ કર્મબંધ તીવ્ર રાગદ્વેષનો અભાવ ત્યાં કર્મબંધનો સાંપદાયીક અભાવ.

૮૬. રાગદ્વેષ થવાનું મુખ્ય કારણ-મિથ્યાત્વ એટલે અસમ્યગ્‌દર્શન છે. સમ્યગજ્ઞાનથી સમ્યગ દર્શન થાય છે. તેથી અસમ્યગદર્શન નિવૃત્તિ પામે છે. તે જીવને સમ્યક્‌ ચારિત્ર પ્રગટે છે. જે વિતરાગ દશા છે, સંપૂર્ણ વિતરાગ દશા જેને વર્તે છે તે ચરમ શરીરી જાણીએ છીએ.

૮૭. હે જીવ! સ્થિર દષ્ટિ કરીને તું અંતરંગમાં જો તો સર્વ પર દ્રવ્યથી મુકત એવું તારૂં સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે. હે જીવ! અસમ્ગ દર્શનને લીધે તે સ્વરૂપ તને ભાસતુ નથી, તે સ્વરૂપમાં તને શંકા છે, વ્યામોહ અને ભય છે સમ્યગદર્શનનો યોગ પ્રાપ્ત કરવાથી તે અભાસના દિની નિવૃત્તિ થશે હે સમ્યગદર્શની! સમ્યક્‌ ચારિત્ર જ સમ્યગદર્શનનું ફળ ઘટે છે માટે તેમાં અપ્રમત્ત થા. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સતી મૃગાવતી

હિન્દી મુળ લેખક : શ્રી મધુકર મુનિ
ગુજરાતી અનુવાદક : હિમાંશુ રમણીકલાલ મહેતા-ભાવનગર.

મૃગાવતિ એક અત્યંત સુંદર સ્ત્રી હતી. શારીરિક સૌદર્યની સાથે સાથે તેનામાં અનેક વિશિષ્ઠ ગુણ હતા.... ધીરતા, વીરતા, તેજસ્વિતા વગેરે મહારાજ ચેટકની તે પુત્રી હતી, અને કૌશામ્બી નરેશ શતાનીકની રાણી.

મહારાજ શતાનીક ઘણાં શાંત અને કલાપ્રેમી રાજા હતા. એક વખત મહારાજે સુંદર ચિત્રશાળા બનાવવાનો નિશ્ચય કર્યો. એક પ્રખ્યાત ચિત્રકારને બોલાવીને રાજાએ પોતાની ઇચ્છા વ્યકત કરી અને તેને માટેની બધી જ સાધન-સામગ્રી દેવાનું વચન દીધું. ચિત્રકાર પોતાની કલાનો ચમત્કાર દેખાડવા માટે કામમાં લાગી ગયો. એક દિવસ તે ચિત્ર બનાવી રહ્યો હતો, ત્યારે મહેલની અટારી ઉપર રાણી મૃગાવતી ઊભી હતી ચિત્રકારને તેનો અંગુઠો દેખાયો ચિત્રકારે માત્ર અંગુઠા પરથી રાણી મૃગાવતીનું સુંદર ચિત્ર તૈયાર કરી નાંખ્યું પરંતુ તેની પીંછીથી રાણીની જાંધ પર એક ટપકુ પડી ગયું ચિત્રકારે આ જોયું તેણે તે ટપકું ભુંસી નાખ્યું પરંતુ બીજીવાર પાછું ત્યાં જ ટપકુ પડયું. બે ત્રણવાર આવું બન્યું ચિત્રકાર સમજી ગયો કે રાણીની જાંધ પર તલ હોવો જોઇએ

સંધ્યાના સમયે રાજા પોતે ચિત્રશાળા જોવા આવ્યા સુંદર રંગબેરંગી ચિત્રો જોઈ રાજા આનંદ પામ્યો ચિત્રો જોતાં જોતાં તેની નજર મૃગાવતિના ચિત્ર પર પડી એક ક્ષણ તો તેને લાગ્યું કે આ મૃગાવતિ જ ઊભી છે, બીજી ક્ષણે તે સમજી ગયો કે આ તો મૃગાવતિનું ચિત્ર છે. રાજા ધ્યાનથી ચિત્ર જોવા લાગ્યો અચાનક જાંધના તલ પર તેની નજર ગઇ અને તેની બધી જ પ્રસન્નતા ગાયબ થઇ ગઈ રાજા ક્રોધથી ધ્રુજી ઊઠયો ગમે તેમ પણ મૃગાવતિની સાથે આ ચિત્રકારને અનુચિત સંબંધ છે. નહિ તો મારી રાણીના જાંધ પર તલ છે તે બીજું કોણ જાણી શકે ? બસ, આ શંકાથી રાજા એ ચિત્રકારને ફાંસીએ ચડાવી દેવાનો હુકમ કર્યો.

મંત્રી ચિત્રકારની કલાથી પરિચિત હતા. તેણે કહ્યું. મહારાજ રાણીનું ચિત્ર દોરીને ચિત્રકારે એક અપરાધ જરૂર કર્યો છે, પરંતુ આપના મનમાં જે શંકા છે તે ખોટી છે. મહારાણી મૃગાવતિ એક મહાસતી છે, અને ચિત્રકાર પણ બીચારો નિર્દોષ અને સજ્જન વ્યક્તિ છે.

રાજા એ ક્રોધમાં કહ્યું :- નહિ તે ઘણો દુષ્ટ છે તેણે મારા અંતઃપુરને કલંકિત કર્યું છે. નહિ તો તે રાણી મૃગાવતિની જાંધ પર તલ છે કેવી રીતે જાણી શકે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજ આ ચિત્રકારની વિશેષતા છે, તેને વરદાન પ્રાપ્ત છે. કે તે કોઇ પણ વસ્તુના એક અંશ જોઇને તેનુ અસલ હું-બહુ ચિત્ર તૈયાર કરી શકે છે અને તે વળી કહે પણ છે કે તેણે માત્ર રાણી મૃગાવતિના પગનો અંગુઠો જોઈ આ ચિત્ર બનાવ્યું છે. મંત્રી બોલ્યા

રાજાનું શંકાશીલ મન શાંત ન થયું. તેણે કહ્યું :- મંત્રીજી, શું તમે આ ઢોંગ પર વિશ્વાસ કરો છે? આ અસંભવ છે, મંત્રીએ પ્રશ્નના જવાબમાં પ્રાર્થના કરી. મહારાજ તેની પરિક્ષા કરવામાં આવે ચિત્રકારની પરિક્ષા માટે એક કુબડી દાસીનું મોહું જ માત્ર દેખાડવામાં આવ્યું. ચિત્રકારે ત્યાં ઊભા-ઊભા જ દાસીનું ચિત્ર દોરી દીધું. બધા જ નવાઇ પામી ગયા પરંતુ રાજાના મનમાંથી શંકા ન ગઈ. ચિત્રકારે રાજાની ક્ષમા માંગી મહારાજ મેં કોઇ ખરાબ ભાવનાથી નહિ પરંતુ સહજ વિચારથી જ મહારાણીનું ચિત્ર દોર્યું છે. મારા મનમાં જરાપણ પાપ નથી.

રાજાએ કહ્યું :- ભલે તારા મનમાં પાપ ન હોય પરંતુ તે કલાનો દુરૂપયોગ જરૂર કર્યો છે. કલા-સાધના અને સિદ્ધિ મનોરંજન માટે નથી હોતી, માનવ-સમાજના કલ્યાણ માટે તેનો ઉપયોગ થવો જોઇએ પરંતુ તે રાણીનું ચિત્ર દોરીને તારી કલાનું નગ્ન રૂપ પ્રદર્શિત કર્યું છે, તેમાં સમાજ તેમજ વ્યકિતનું અહિત છે. ભવિષ્યમાં તું કલાનો આવો દુરૂપયોગ ન કરે તે માટે તારા હાથ ના અંગુઠા કાપી નાંખવામાં આવે.

રાજાની આજ્ઞાને કોણ ઉથાપી શકે ? ચિત્રકારના અંગુઠા કાપી નાંખવામાં આવ્યા. રાજાના વ્યવહારથી અથવા તો કલાના અપમાનથી દુઃખી થઇને ચિત્રકાર કૌશમ્બી નગરીમાંથી નીકળી ગયો અને આ અપમાનનો બદલો લેવા માટે તે વિચાર તો, વિચારતો અવંતિ (ઉજ્જયિની) પહોંચી ગયો.

અવન્તીનો રાજા ચંડપ્રદ્યોતન ઘણો જ દુસાહસી, યોદ્ધો અને વિલાસપ્રિય રાજા હતો. તે કૌશમ્બિ નરેશ શતાનિકનો સાઢુ હતો પરંતુ રાજનીતિમાં સબંધ નહિ પરંતુ સ્વાર્થ થ પ્રધાન થાય છે. કોઈ કારણોને લીધે શતાનિક અને ચંડપ્રદ્યોતન વચ્ચે દુશ્મની ચાલી રહી હતી ચિત્રકારે ચંડપ્રદ્યોતનને પોતાનો બદલો લેવા માટે સાધન બનાવ્યો. તેણે મૃગાવતિનું સુંદર ચિત્ર બનાવીને ચંડપ્રદ્યોતનને ભેટ આપ્યું. ચિત્ર જોતાજ ચંડપ્રદ્યોતન વિહ્વળ થઇ બોલી ઉઠયો : આવું અપૂર્વ સૌંદય, આવી મન હરીલેનારી રૂપ નીતરતી કોઈ સ્રીનું ચિત્ર છે કે દેવીનું ?

ચિત્રકારે ચિત્રનો પરિચય દીધો-મહારાજ આ છે કૌશામ્બી નરેશની રાણી મૃગાવતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃગાવતીનું નામ સાંભળીને ચંડપ્રદ્યોતનમાં જુની ચેતના પાછી આવી. ઘણા સમયથી તે મૃગાવતિના સૌંદર્ય પર મુગ્ધ હતો તેને મેળવવા અનેક ઉપાયો વિચાર્યા હતાં. પરંતુ આજ સુધી તેને મેળવી ન શક્યાં. આજે એકા એક તેની ભાવનાઓમાં ભરતી આવી. આ પાર કે પેલે પાર! જે થવું હોય તે થાય, મૃગાવતિને મેળવીને જ રહીશ. તેણે શતાનિક પાસે તરતજ પોતાના દુતને મોકલ્યો અને મૃગાવતિની માંગણી કરી.

શતાનિકે ચંડોપ્રદ્યોતનની માંગણી પર ધિક્કાર વરસાવ્યો. દુતને ફટકારીને પોતાના દરબારમાંથી કાઢી મૂકયો :- જા કહી દેજે તારા રાજાને કે તે શકિતના ગર્વમાં આંધળો ન બને પર સ્ત્રી પર આંખ ઉઠાવવા વાળો રાવણ પણ કુતરાના મોતે માર્યો ગયો હતો, તારો રાજા પણ શું આવું મોત માગે છે?

શતાનિકનો જવાબ મેળવીને ચંડપ્રદ્યોતને તરતજ કૌશમ્બી પર ચઢાઇ કરી દીધી. તેના સૈન્ય નગરને ચારે બાજુથી ઘેરી લીધું ચંડપ્રદ્યોતનની સેના અને શક્તિ કરતાં શતાનિકની સેના તથા શકિત કમજોર હતી પરંતુ તેનાથી પણ કમજોર હતુ તેમનું આત્મબળ આત્મબળ જયારે ફરી જાય છે ત્યારે મોટું સૈન્યબળ પણ બેકાર બની જાય છે. શતાનિક આ આકસ્મિક આક્રમણથી એટલો બધોડરી ગયો કે તેનું હૃદય બંધ પડી ગયું

શતાનિકના મૃત્યુના સમાચાર સાંભળી ચંડોપ્રદ્યોતનની બેશેર ચરબી વધી ગઈ. મનને ગમે તે કરવા મા તેને સારો મોકો મળી ગયો.

કૌશંમ્બિક પર એક સાથે કેટલીય મુશ્કેલી આવી પડી શત્રુઓનું આક્રમણ, રાજાનું મૃત્યુ અને રાજકુમ.ર ઉદયનની બાલ્યવસ્થા મુશ્કેલીઓના તોફાનમાં પણ રાણી મૃગાવતીએ હીંમતની દોરી જોરથી પકડી રાખી. તે કોઈ સાધારણ સ્ત્રી ન હતી. જે સંકટ સમયે રોવા લાગે, તે વીર રમણી હતી, સતી હતી પ્રાણ દઇને પણ પોતાના ધર્મ અને શીલની રક્ષા કરવા માંગતી હતી પરંતુ આવી પરિસ્થિતિમાં તે પ્રાણ દઇને પોતાના રાજ્યને શત્રુઓથી લુંટાતું બચાવી શકે તેમ ન હતી, તેટલા માટે તેણે રાજનીતિથી કામ લેવા વિચાર્યું, મંત્રીઓ સાથે મંત્રણા કરી તેણે ચંડપ્રદ્યોતનને કહેવડાવ્યું તમે જે લક્ષથી આવ્યા છો તે કાર્ય માટેનો સમય અનુકુળ નથી, રાજાના મૃત્યુથી રાણી શોકમગ્ન છે આખા દેશમાં શોક છવાઈ ગયો છે અત્યારે આપ ચાલ્યા જાવ અનુકુળ સમયે જ યોગ્ય ફળ મળે છે.

રાણીની સૂચનાથી ચંડપ્રદ્યોતનની આશાઓમાં અંકુર ફુટયા તેણે વિચાર્યું—ઠીક છે, શોકાતુર નારીને આનંદની વાત કેવી રીતે પસંદ પડશે? સમય જતાં ઘા રુઝાઈ જશે અને મૃગાવતી પોતે જ મારી પાસે આવી જશે, છેવટે જશે પણ કયાં? ચંડપ્રદ્યોતન યુદ્ધ વિના જ અવંતિ પાછો ફર્યો. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મા અને કર્મ

લે. રતિલાલ માણેકચંદ શાહ-નડીઆદ

આત્મદ્રવ્ય ધાતુ અને પાષાણના સંયોગની જેમ પુદ્‌ગલ કર્મોની સાથે મળેલું જ ચાલ્યું આવે છે, અને તેના કારણે જ મિથ્યાત્વ-રાગદ્વેષરૂપી વિભાવ પરિણામે ચેતન પરિણમતું જ આવે છે, એમ પરિણમતા એવી પરિસ્થિતિ પેદા થઈ કે, જીવ દ્રવ્યનું નિજ સ્વરૂપ જે કેવળ જ્ઞાન-કેવળ દર્શન, અતિનિન્દ્રય સુખ અને કેવળ વીર્ય તેનાથી આજીવ દ્રવ્ય ભ્રષ્ટ થયું તથા મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામે પરિણમતા જ્ઞાનપણું પણ છુટી ગયું આત્માનું નિજ સ્વરૂપ અનંત ચતુષ્ટય છે.

શરીર, સુખ-દુઃખ, મોહ-રાગદ્વેષ વિગેરે પ્રત્યેક પુદ્‌ગલ કર્મની ઉપાધી છે, જીવનું સ્વરુપ નથી એવી પ્રતીતિ પણ વિલીન થઇ ગઇ, પ્રતીતિ વિહીન બનતાં જીવ મિથ્યા દૃષ્ટિ થયો, મિથ્યાદૃષ્ટિ થયો થકો જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરણશીલ થયો. તે કર્મ બંધનો ઉદય થતાં આત્મા ચારે ગતિમાં ભટકતો રહ્યો. આ પ્રકારે સંસારની પરિપાટી સમજવી.

આ સંસારમાં ઘૂમતાં કોઈ ભવ્ય જીવનો જ્યારે સંસાર નિકટમાં આવી જાય છે, ત્યારે જીવ સમ્યકત્વ ગ્રહણ કરે છે. સમ્યકત્વનો પ્રાદુર્ભાવ થતાં પુદ્‌ગલ પિંડરૂપ મિથ્યાત્વ કર્મનો ઉદય વિલીન થાય છે, તથા મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામ લુપ્ત થાય છે, વિભાવ પરિણામ વિલીન થતાં શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે, આવી સામગ્રીના અવિષ્કાર થતાં આત્મદ્રવ્ય પુદ્‌ગલ કર્મથી તેમજ વિભાવ પરિણામથી નિતાંત અલિપ્ત થાય છે. જીવદ્રવ્ય પોતાના અનંત ચતુષ્ટયને પ્રાપ્ત થાય છે, દ્રષ્ટાંત એ છે કે જેવી રીતે સુવર્ણ ધાતુ પાષાણમાં જ મળેલી ચાલી આવે છે; તો પણ અગ્નિનો સંયોગ પામીને, પાષાણથી સુવર્ણ જુદુ પડે છે, માટે હે, આત્મા ! શરીરથી ભિન્ન સ્વરૂપ થા.

અનુભવ જ્ઞાન માત્ર વસ્તુ છે, એકત્વ મોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવ પરિણામ છે, તોપણ (એમને અનુભવને અને મિથ્યાત્વ મટવાને) આપસમાં કારણ-કાર્યપણું છે; તેનું વિવરણ જે કાળે આત્માને અનુભવ થાય છે, તે કાળે મિથ્યાત્વ પરિણામન વિલીન થાય છે; સર્વથા અવશ્ય મટે છે. જે કાળે મિથ્યાત્વ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણમન લુપ્ત થાય છે, તે કાળે અવશ્ય અનુભવ શક્તિ આવિષ્કાર પામે છે, મિથ્યાત્વ પરિણમન જે રીતે વિલીન થાય છે તે રીત આ પ્રમાણે છે, "સ્વંસમાલોકપ" (સ્વં) પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુનો (સમાલોકપ) સ્વસંવેદન પ્રત્યક્ષપણે આસ્વાદ કરીને કેવું છે શુદ્ધ ચેતન ? "વિલસન્ત" અનાદિ નિધન પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે.

અનાદિકાળથી આત્મા સાથે મળેલા, ચાલ્યા આવતા (બંધનવિધિ) જ્ઞાનાવરણકર્મ, દર્શનાવરણ કર્મ, વેદનીય, મોહનીય, આયુનામ, ગોત્ર, અંતરાય એવાં છે જે દ્રવ્યપિંડ રૂપ આઠ કર્મ તથા ભાવ કર્મરૂપ જે રાગદ્વેષ, મોહ પરિણામ ઈત્યાદિ છે, જે બહુ વિકલ્પો તેમના (ધ્વંસાન) વિનાશથી આત્મસ્વરૂપ જેવું કહ્યું છે, તેવું છે. જેમ કે જળ અને કાદવ જે કાળે એકત્ર મળેલા છે, તે જ કાળે જો સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો કાદવ-જળથી ભિન્ન છે; જળ પોતાના સ્વરૂપે છે, તેવી રીતે સંસાર-અવસ્થામાં જીવ કર્મ બંધ પર્યાય રૂપે એક ક્ષેત્રે મળેલા છે, તે જ અવસ્થામાં મે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો સમસ્ત કર્મ જીવસ્વરૂપથી ભિન્ન છે, આત્મ દ્રવ્ય નિર્મળ સ્વરૂપે જેવું કહેવામાં આવ્યું તેવું જ છે, જ્ઞાનદષ્ટિથી જીવ અને કર્મનો પ્રથક પ્રથક અનુભવ કરતાં આત્માને જેવો કહેવામાં આવ્યો છે તેવો જ છે.

માટે હે આત્મા! પ્રત્યેક વિકલ્પોને છોડ અને સ્વરૂપનો અનુભવ કર શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ ન થાય એવું નથી પરંતુ અવશ્ય પ્રાપ્તિ થાય છે. જીવ દ્રવ્ય, દ્રવ્ય કર્મભાવ-ભાવકર્મનો કર્મથી ભિન્ન છે. ચેતન રૂપ છે-જ્ઞાન, ચારિત્ર, સુખ, વીર્ય ઈત્યાદિ અનંત ગુણો છે જેના દ્રવ્ય કર્મ, ભાવકર્મ, નોકર્મ વગેરે જે છે તે પ્રત્યેક અચેતન પુદ્ગલ દ્રવ્યથી ઉત્પન્ન થયેલા છે, એવા અશુદ્ધ રાગાદિરૂપ સમસ્ત વિભાવ પરિણમો અત્યંત જુદા છે, (શુદ્ધ ચેતના માત્ર જીવ દ્રવ્યથી) માટે સ્વરૂપનો અનુભવ કર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ-મુંબઈ

## ૬૯મી ધાર્મિક પરીક્ષાઓનું પરિણામ

卐

અખિલ ભારતીય જૈન સમાજના ધાર્મિક શિક્ષણ સંસ્થા શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ ૬૯ વર્ષથી ભારતભરમાં જૈન ધાર્મિક શિક્ષણના પ્રચારનું કાર્ય કરે છે ભારતના ૪૮ સેન્ટરોમાં તા ૧૬મી જાન્યુઆરી ૧૯૭૭ના ૬૯મી ધાર્મિક પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષામાં જુદા જુદા ધોરણોમાં કુલ ૨૩૫૨ વિદ્યાર્થી ભાઈ-બહેનો અને સાધ્વીજીઓ બેઠા હતા. તેમાંથી ૨૦૬૫ પરીક્ષાર્થીઓ ઉતીર્ણ થતાં ૮૭ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. પુરૂષ અને સ્ત્રી વિભાગમાં પ્રત્યેક ધોરણમાં પ્રથમ પાંચ ઇનામો ઉપરાંત પ્રોત્સાહક ઈનામો કુલ રૂા. ૩૫૦૮ ફાળવવામાં આવ્યા છે. સર્વ પ્રથમ નંબરે ઉતીર્ણ થનારના ઉલ્લેખનીય નામો આ પ્રમાણે છે.

| ધોરણ | નામ | ગામ | ગુણ | ઇનામ |
|---|---|---|---|---|
| સંસ્કૃત વિશારદ | જ્યોત્સના સી. શાહ | ખંભાત | ૧૬૯-૨૦૦ | ૧૦૧ |
| તત્વજ્ઞાન વિશારદ | પૂ. સાધ્વીજી આદિત્યયશાંશ્રીજી | ખંભાત | ૯૬-૨૦૦ | – |
| પ્રાકૃત વિશારદ | ભારતી કેશવલાલ | ખંભાત | ૧૧૨-૨૦૦ | ૧૦૧ |
| કર્મ વિશારદ | સુરજમલ રોસમલજી જૈન | કલ્યાણ | ૧૬૫-૨૦૦ | ૧૦૧ |
| વિનિત | અરૂણા રમણલાલ શાહ | પુના | ૮૫-૧૦૦ | ૫૧ |
| ધોરણ છઠું | કામિની રસીકલાલ શાહ | અમદાવાદ | ૮૬-૧૦૦ | ૫૬ |
| ધોરણ પાંચમું | દમયંતી હીરાલાલ શાહ | પાલીતાણા | ૯૩-૧૦૦ | ૫૨ |
| ધોરણ ચોથું | અરૂણા કપુરચંદ ઝવેરી | પાલીતાણા | ૮૦-૧૦૦ | ૪૬ |
| ધોરણ ત્રીજું | મંજુલા હરખચંદ શાહ | મુંબઈ | ૯૩-૧૦૦ | ૪૨ |
| ધોરણ બીજું | જયવંતી સાંકળચંદ | પુના | ૮૫-૧૦૦ | ૩૬ |
| ધોરણ પહેલું | મદનલાલ તારાચંદજી | ઉમ્મેદપુર | ૯૫-૧૦૦ | ૩૨ |

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ
૨૦ ગોડીજી બિલ્ડીંગ, વિજયવલ્લભ ચોક,
મુંબઈ નં. ૪૦૦૦૦૨. ફોન : ૩૩૩૨૭૩
તારીખ ૨૧-૬-૧૯૭૭

લિ ભવદીય,
શાંતિલાલ એમ. શાહ
મંત્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્તમ સંપત્તિ : ચારિત્ર

લેખક : ( ડહેલાવાળા )

સિકંદરે હિન્દ પર આક્રમણ કર્યું ત્યારની વાત છે. પોરસ સાથે સિકંદર રાજસભામાં બેઠો હતો, તે સમયનો આ પ્રસંગ છે તે સમયે બે પ્રજાજનો પોરસ પાસે ન્યાય કરાવવા આવ્યા

એક વ્યકિતએ બીજાને જમીન વેચેલી, જેમણે જમીન ખરીદી હતી તે વ્યકિત જમીન ખેડતી હતી ત્યાં જમીનમાંથી સોનાનો ચરૂ નીકળ્યો, એટલે તે વ્યકિત ચરૂ લઇને જમીનના મૂળ ધણી પાસે જઇ અને કહ્યું: ભાઇ આ તારી જમીનમાંથી ચરૂ નીકળ્યો છે માટે હું તને તે દેવા આવ્યો છું.

મૂળ ધણીએ કહ્યું: એ ચરૂ મારાથી કેમ લેવાય? મેં તને જમીન વેચ્યા પછી તેમાંથી જે કંઇ નીકળે તે તારૂં ગણાય,

'ચરૂ' અંગે બન્ને વચ્ચે ખૂબ જ તકરાર ચાલી પરંતુ બેમાંથી કોઈ ચરૂ રાખવા તૈયાર થયુ નહિ, ત્યારે બંને રાજા પાસે ગયા. રાજા પાસે જઇને પોતાનો કેસ રજુ કર્યો, બનેની વાત સાંભળીને રાજાએ હાલ જેના કબજામાં જમીન હતી તેને પૂછયું! તે જમીન વેચાતી લીધી છે એટલે તે જમીનમાંથી જે નીકળે તે તારૂં ગણાય તો પછી ચરૂ તું શા માટે નથી.

જમીનના હાલના માલિકે કહ્યું. મેં વેચાતી જમીન લીધી છે. એ ખરૂં, પરંતુ જમીનની અંદરની સંપત્તિનો માલિક હું કેમ ગણાઉં? રાજાએ જમીનના જુના માલિકને પૂછયું. આ તેને ચરુ દેવા આવે છે તો તેને રાખવામાં શો વાંધો છે.

તેણે જવાબ આપ્યો; 'નામદાર, મેં જમીન વેચાતી આપી દીધા પછી તેમાંથી જે કઈ નીકળે તે તેનું જ ગણુ ય, એટલે ચરુ હું કેમ રાખી શકું? મહાન સિકંદર આ બન્નેની દલીલ સાંભળીને આભોજ બની ગયો. રાજાએ બન્નેને ન્યાય કરતાં કહ્યું તમારા બંન્નેને શુ છોકરો છે. મારે ત્યાં એક છોકરી છે. એકે કહ્યું મારે ત્યાં એક છોકરો છે બીજાએ કહ્યું ત્યારે શું રાજાએ કહ્યુ બંનેનો વિવાહ કરી આ ધન તેમને પહેરામણીમાં આપો. આ ન્યાયથી બન્નેને સંતોષ થયો અને ખુશી થઇને ચાલતા થયા.

આ નિર્ણય સાંભળીને સિકંદરે કહ્યું. આ તમારો ન્યાય વિચિત્ર જ છે, અમારે ત્યાં તો કોઈને ત્યાં જમીનમાંથી ચરુ નીકળે તો તે કોઇને ખબર ન પડે તેમ ઘરમાં સંતાડી જ દે રાજાને ખબર પડે તો તે ચરુ રાજાની મિલકત ગણાય. અને રાજને હવાલે કરવી પડે.

(ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg G BV-37

# વિશ્વમાન્ય ધર્મ

લેખક : **શાહ ચતર્ભુજ હરજીવનદાસ**

શ્રીમંતના તો હાથ પગ,
ગરીબ જન કેવાયા;
ગરીબ જનના પેટ તો,
શ્રીમંત જન કેખાય. ૨૪૫

દેખા દેખિયે ચાલિયે,
મળે ન અનુભવ કાંઈ;
પેખા પેખિયે ચાલિયે,
અનુભવ મળે સવાઈ. ૨૪૬

સ્વતંત્ર આવક હોય તો,
ખર્ચ કરો પર તંત્ર;
પર તંત્ર આવક હોય તો,
ખર્ચ કરો સ્વતંત્ર. ૨૪૭

સ્વાર્થ પરમાર્થ સંસારમાં
એ છે સ્નેહને પ્રેમ;
સ્વભાવ જગ નિભાવીએ,
રહીએ કુશળ ક્ષેમ. ૨૪૮

જીવન વહાલું જ્યાં હશે,
ફીકર નહીં આર્થિક;
આર્થિક વહાલું જ્યાં હશે,
જીવન નહીં આર્થિક ૨૪૯

સાચિ શરમ પગ આથડે,
ખોટિ શરમ શિર તાજ;
મુમુક્ષ પણું જો આવડે,
રાગ ત્યાગમાં રાજ ૨૫૦

સ્નેહ સેવાને પ્રેમ ત્રણ,
જીવન સાર્થક જાણ;
ભવ સાગરમાં ડૂબતાં,
તરવાને ત્રણ વા'ણ. ૨૫૧

જોઈએ તેન સાંપડે,
ન જોઈએ તે હજુર;
સુખ સંસાર સંતોષમાં,
બાકિ બધા છે મજુર. ૨૫૨

ઇચ્છિત વસ્તુનો મોહ બહુ,
આવ્યા પે'લા હોય;
મળ્યા પછી મોહ ઉતરે,
વિશ્વે વિયોગ સંયોગ ૨૫૩

મન માન્યું સંસાર સુખ,
મળે તો પણ દુઃખ;
કારણ કાર્યન જાણિયે,
મોક્ષ સંસાર વિમુખ. ૨૫૪

(ક્રમશઃ)

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only